## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૭૨ | ૯૪૩ |
| એરંડા | ૬૪૯ | ૬૬૩ |
| ઘઉં | ૩૧૪ | ૪૦૫ |
| બાજરી | ૨૪૨ | ૨૯૦ |
| વરીયાળી | ૧૧૩૧ | ૧૪૪૨ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૫૦ | ૯૪૨ |
| એરંડા | ૬૨૫ | ૬૩૫ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ડાંગરનવા | ૩૦૦ | ૩૨૦ |
| ડાંગરગુજ | ૩૩૫ | ૩૬૦ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| ડાંગર | ૩૩૫ | ૩૬૦ |
| ડાંગર જયા | ૩૦૦ | ૩૨૧ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૮ | ૬૪૭ |
| મકાઈ | ૨૩૫ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૨ |
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| વરિયાળી | ૧૧૦૦ | ૧૩૫૫ |
| ગવાર | ૧૪૦૦ | ૧૪૯૫ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૨ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૫૫ | ૨૬૦ |
| એરંડા | ૬૨૦ | ૬૪૫ |
| મગફળી | ૭૦૦ | ૮૦૦ |
| મગ | ૧૦૨૦ | ૧૦૬૮ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૫૦ | ૬૧૦ |
| એરંડા | ૬૪૦ | ૬૫૬ |
| મગ | ૮૫૦ | ૯૦૦ |
| બાજરી | ૨૬૫ | ૩૦૪ |
| મકાઈ | ૨૫૦ | ૨૭૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| મગફળી | ૮૦૦ | ૯૨૫ |
| ગવાર | ૧૪૧૫ | ૧૫૬૩ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ચણા | ૫૮૦ | ૮૨૦ |
| જુવાર | ૩૨૦ | ૩૫૧ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૪ | ૬૪૧ |
| બાજરી | ૨૬૦ | ૨૭૪ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| મગફળી | ૮૦૦ | ૮૭૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૪૮૦ |
| જુવાર | ૩૫૦ | ૩૮૦ |
| મગ | ૯૫૦ | ૧૦૫૦ |
| ચણા | ૫૯૦ | ૬૨૧ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૯ | ૨૮૯ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૬ |
| ડાંગર | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૫૦ | ૬૫૩ |
| ગવાર | ૧૪૬૫ | ૧૪૭૯ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૬૫ |
| જુવાર | ૨૭૬ | ૩૫૮ |
| રાયડો | ૫૩૦ | ૫૭૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૮ | ૨૭૯ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| ડાંગર | ૨૭૦ | ૨૭૫ |
| એરંડા | ૬૪૫ | ૬૫૦ |
| ગવાર | ૧૪૬૦ | ૧૪૭૫ |
| મકાઈ | ૨૧૫ | ૨૭૦ |
| તુવેર | ૫૨૦ | ૬૬૦ |
| જુવાર | ૨૭૫ | ૩૫૦ |
| રાયડો | ૨૫૨ | ૫૬૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૧ | ૯૪૦ |
| એરંડા | ૬૫૦ | ૬૫૫ |
| ઘઉં | ૩૧૫ | ૪૧૮ |
| મગ | ૧૦૦૦ | ૧૦૨૬ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૫ |
| ચણા | ૫૯૦ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૬૫ |
| ગવાર | ૧૪૫૦ | ૧૫૧૬ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૯૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૫૫ |
| એરંડા | ૬૪૦ | ૬૫૦ |
| બાજરી | ૨૭૦ | ૨૮૨ |
| રાયડો | ૫૫૫ | ૬૦૮ |
| મગફળી | ૮૫૦ | ૯૪૯ |
| તલ | ૧૨૦૦ | ૧૨૨૧ |
| ગવાર | ૧૪૫૦ | ૧૫૫૫ |
| તુવેર | ૬૨૫ | ૭૦૫ |
| અડદ | ૫૬૦ | ૫૯૫ |
| ચણા | ૬૧૦ | ૬૭૦ |
| જુવાર | ૩૨૫ | ૩૫૦ |
| મગ | ૯૫૦ | ૧૦૧૭ |

**કડી**

| | | |
|---|---|---|
| તુવેર | ૬૦૦ | ૭૭૪ |
| ઘઉં | ૩૦૧ | ૩૯૧ |
| ડાંગર | ૩૭૦ | ૩૯૧ |
| ડાંગર | ૩૭૦ | ૩૮૦ |
| બાજરી | ૨૫૮ | ૨૮૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૫૪૯ |
| એરંડા | ૬૪૯ | ૬૫૫ |
| રાયડો | ૫૭૦ | ૫૯૫ |
| જીરૂ | ૧૭૫૧ | ૨૪૩૧ |
| તલ | ૨૧૧૮ | ૨૧૨૦ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૪૩૫ |
| બાજરી | ૨૫૯ | ૨૮૦ |
| એરંડા | ૬૪૫ | ૬૬૫ |
| રાયડો | ૬૧૦ | ૬૨૮ |
| રાજગરો | ૮૫૦ | ૧૦૬૬ |
| ગવાર | ૧૫૬૫ | ૧૬૧૩ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાજગરો | ૮૫૦ | ૧૦૩૮ |
| જવ | ૨૬૦ | ૨૯૦ |
| રાયડો | ૫૯૦ | ૬૩૭ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૮૪ |
| ઘઉં | ૨૯૦ | ૫૦૦ |
| બાજરી | ૨૫૦ | ૩૧૦ |
| જુવાર | ૩૮૪ | ૫૩૮ |
| જીરૂ | ૯૯૮ | ૨૨૭૦ |
| ઈસબગુલ | ૭૮૦ | ૧૦૫૨ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૨૧ |
| બાજરી | ૨૩૦ | ૨૮૫ |
| રાયડો | ૫૭૦ | ૬૫૧ |
| એરંડા | ૬૪૦ | ૬૭૦ |
| કપાસ | ૭૦૦ | ૯૬૭ |
| જુવાર | ૩૦૦ | ૫૨૧ |
| તલ | ૧૩૦૦ | ૧૭૦૧ |
| જવ | ૨૫૦ | - |
| મગ | ૧૦૦૦ | - |
| મેથી | ૪૬૧ | ૫૫૦ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૪૧ |
| રજકાના બી | ૨૨૦૦ | ૨૯૭૦ |
| રાજગરો | ૬૦૦ | ૭૧૧ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૭ | ૪૨૧ |
| જીરૂ | ૧૬૫૧ | ૨૪૧૦ |
| રાયડો | ૫૨૨ | ૬૨૩ |
| રજકાબી | ૧૭૦૦ | ૩૦૫૧ |
| મેથી | ૫૩૭ | - |
| સવા | ૬૩૭ | - |
| વરીયાળી | ૧૦૧૧ | - |
| બાજરી | ૨૫૦ | ૨૯૫ |
| એરંડા | ૬૨૫ | ૬૫૭ |
| અજમો | ૪૨૫ | ૧૩૪૦ |
| ગવાર | ૧૪૭૧ | ૧૫૧૪ |
| બંટી | ૩૭૦ | - |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૯૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૮ |
| રાયડો | ૫૯૦ | ૬૦૬ |
| એરંડા | ૬૪૪ | ૬૫૭ |
| ગવાર | ૧૫૦૮ | ૧૫૫૫ |

જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૯૭ |
| એરંડા | ૬૨૫ | ૬૫૬ |
| રાયડો | ૬૦૧ | ૬૧૦ |
| બાજરી | ૨૭૫ | ૨૮૮ |
| જુવાર | ૩૬૦ | - |
| ગવાર | ૧૪૩૫ | ૧૫૧૦ |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૨૫ |
| એરંડા | ૬૩૫ | ૬૫૫ |
| બાજરી | ૨૫૦ | ૨૭૯ |
| ઘઉં | ૩૦૭ | ૪૩૨ |
| ગવાર | ૧૫૭૫ | ૧૫૯૭ |
| ચણા | ૫૯૫ | ૬૨૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૫૨૦ |
| સવા | ૬૦૦ | ૬૮૪ |
| જવ | ૨૧૨ | - |
| મેથી | ૫૦૦ | ૫૨૬ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૨ | ૩૭૫ |
| એરંડા | ૬૪૬ | ૬૫૬ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| રાયડો | ૫૯૭ | ૬૧૦ |
| ડાંગર | ૨૮૦ | ૩૭૬ |
| ગવાર | ૧૪૯૦ | ૧૫૧૮ |
| જુવાર | ૩૧૦ | ૩૭૦ |
| જવ | ૨૫૦ | ૨૬૫ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૦૦ | ૬૬૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૯૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| ગવાર | ૧૫૦૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૦૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૮૫૦ | ૨૪૧૫ |
| વરીયાળી | ૭૫૦ | ૧૩૮૦ |
| બંટી | ૪૦૮ | - |
| રાયડો | ૫૫૦ | ૬૫૧ |
| એરંડા | ૬૩૦ | ૬૭૯ |
| ઘઉં | ૩૧૦ | ૪૭૬ |
| બાજરી | ૨૬૦ | ૨૮૬ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૬૫ |
| મેથી | ૫૧૯ | ૫૬૩ |
| સવા | ૫૫૦ | ૭૧૯ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| અસાળીયો | ૭૦૧ | ૭૪૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૭૬૨ |
| વરીયાળી | ૭૪૦ | ૨૧૬૫ |
| ઈસબગુલ | ૧૧૫૧ | ૧૫૫૨ |
| રાયડો | ૫૩૩ | ૬૫૧ |
| તલ | ૧૮૯૮ | ૨૧૫૫ |
| સવા | ૭૨૩ | - |

ઊંઝાના વિશોળ ગામે

# નજીવી બાબતે ત્રણ ઈસમોએ સરપંચને લાકડીઓ ફટકારી

## ઘરના પુરાણ માટેની માટી બાબતે ઝઘડો થયો હતો

ઊંઝા, તા. ૪

ઊંઝા તાલુકાના વિશોળ ગામે ઘરના પુરાણ માટે માટીની બાબતમાં ઉશ્કેરાયેલ ત્રણ ઈસમોએ સરપંચને અપશબ્દો બોલી લાકડી વડે હૂમલો કરી હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાનો બનાવ બનતાં ગામમાં ભારે સનસનાટી ફેલાઈ છે.

વિગત એવી છે કે, વિશોળ ગામે ગ્રાં પંચાયત આગળ માટીથી પુરાણ કામ ચાલી રહ્યું હોઈ ગામના ત્રણ ઈસમોએ સરપંચ સમક્ષ ઘરના પુરાણ માટે માટીની માંગણી કરી હતી. જેનો સરપંચે ઈન્કાર કરતા ત્રણેય ઈસમો ઉશ્કેરાઈ ગયા હતા. અને સરપંચને અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી લાકડીવડે તેમના પર હૂમલો કર્યો હતો. જેથી તેમને હાથના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. હૂમલાખોરોએ સરપંચને જાનથી મારી નાંખવાની પણ ધમકી આપી હતી. આ બનાવ અંગે સરપંચ બબાભાઈ વાલભાઈ પટેલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે સોમાભાઈ મોહનભાઈ પટેલ, જયંતિભાઈ મોહનભાઈ પટેલ અને હિરાભાઈ શંકરભાઈ પટેલ રહે. વિશોળ વિરૂદ્ધ શારીરિક મહાવ્યથા અને જાનથી મારી નાંખવાની ધમકી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પાલનપુર એસ.ટી બસસ્ટેન્ડમાં વિદ્યાર્થી પાસ છેલ્લા બે દિવસથી કાઢી આપવામાં ન આવતા હોવાના મુદ્દે વિદ્યાર્થીઓએ ડેપો મેનેજરને રજુઆત કરી હતી. જોકે ડેપો મેનેજરે યોગ્ય નિકાલ લાવવાની ખાતરી આપી હતી. પાલનપુર એસ.ટી બસ સ્ટેન્ડમાં આવેલી વિદ્યાર્થી પાસ બારી આજરોજ ૧૧ કલાક સુધી ન ખુલતા શાળા તેમજ કોલેજોમાં જતા વિદ્યાર્થીઓ અટવાયા હતા. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓને તો એન્જીનીયરીંગની પરીક્ષા હોવા છતાં લાઈનમાં ઉભા રહ્યા હોવા છતા પાસ બારી ન ખુલતા તેઓ મુશ્કેલીમાં મુકાયા હતા. જ્યારે પાસની કામગીરી અંગે બસ સ્ટેન્ડમાં પુછવા જતા કર્મચારીઓ એકબીજાને ખો આપતા જોવા મળ્યા હતા.આખરે વિદ્યાર્થીઓએ આ અંગે ડેપો મેનેજર મુકેશભાઈ રાવલને રજુઆત કરતા તેઓએ જણાવ્યું હતું કે હાલમાં ચુંટણીની કામગીરી અને વેકેશનના માહોલને લઈને સ્ટાપની ઘટ વર્તાઈ રહી છે. જેને લઈને વૈકલ્પીક વ્યવસ્થા હાથ ધરવા ઉપરાંત ટુંક સયમાં તેનો ઉકેલ લાવવાની તેઓએ ખાતરી આપી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઊંઝાની મધુકુંજ સોસાયટીમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ઊંઝા, તા. ૪

ઊંઝા શહેરમાં મધુકુંજ સોસાયટીમાં આવેલ એક બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી લોખંડની તિજોરી બહાર કાઢી ચોરી કરવાનો પ્રયત્ન કર્યો હોવાનો ચોંકાવનારો બનાવ બનતા શહેરીજનોમાં ભારે ભયની લાગણી ફેલાઈ છે.

વિગત એવી છે કે, ઊંઝા શહેરના ભરચક વિસ્તારમાં આવેલ મધુકુંજ સોસાયટીમાં રહેતા ભંવરલાલ જીવતરાયજી જૈન પોતાનું મકાન બંધ કરીને પરિવાર સાથે લગ્ન પ્રસંગે મુંબઈ ગયા હતા. ત્યારે ધોળા દિવસે બપોરના સમયે પ્રવેશ કર્યો હતો. બાદ અંદરના રૂમમાં પડેલ વજનદાર તિજોરી ન તુટતા તેને ખેંચીને મકાનની બહારના ભાગે લાવ્યા હતા. અને તિજોરીને હાથ લારીમાં ચઢાવી રહ્યા હતા ત્યારે અહીંથી પસાર થતા રાહદારીને શંકા જતાં તેમણે આસપાસમાં લોકોને જાણ કરતાં લોકો એકઠા થઈ ગયા હતા પરંતુ લોકો એકઠા થાય તે પૂર્વે તસ્કરો તિજોરી છોડીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

આ બનાવ અંગે ઘેવરચંદ જીવતરાયજી જૈન ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીના પ્રયાસનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસ અને રાત્રીના સમયે ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. સ્થાનિક પોલીસમથકમાં ઓછા સ્ટાફ, કામનું ભારણને લીધે ગંભીર પ્રકારના ગુનાઓની તપાસમાં વિલંબ થઈ રહ્યાનું તેમજ મિલકત વિરૂદ્ધના ગુનાઓને અટકાવવામાં અને તેના ભેદ ઉકેલવાની દિશામાં તંત્ર નાકામિયાબ નિવડ્યું છે.



ખેડબ્રહ્મા શહેરના દેવીનગર વિસ્તારમાં આવેલ જી.ઈ.બી.ની ડી.પી. રોડની બીલકુલ બાજુમાં આવેલી છે. જેની બાજુમાં ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ, સિવિલ કોર્ટ પણ આવેલી છે. આ ડીપી છેલ્લા ઘણા સમયથી ખુલ્લી હાલતમાં જોવા મળી રહી છે. ત્યારે આ ભયજનક ડી.પી. ગમે તે સમયે અકસ્માત નોતરશે તેવી ભીતી સેવાઈ રહી છે. આ ડી.પી. ઉપર વેલ ચડી ગઈ હોવાથી વરસાદની સીઝનમાં શોર્ટસર્કીટ થવાની શક્યતાઓ વધી રહી છે. (તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## બનાસકાંઠા પેટા ચૂંટણીની આજે મતગણતરી

પાલનપુર, તા. ૪

તા.૫ જુન બુધવારના રોજ બનાસકાંઠાની લોકસભા બેઠકની પેટા ચૂંટણી અન્વયે મતગણતરી કરવામાં આવશે. અમદાવાદ હાઈવે રોડ ઉપર આવેલ સરકારી ઈજનેરી કોલેજ, જગાણા તા. પાલનપુર ખાતે સવારે-૮ વાગ્યાથી મતગણતરી શરૂ થશે. ચૂંટણી તંત્ર ધ્વારા મતગણતરી માટે સઘન વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. બનાસકાંઠા સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭ વિધાનસભા બેઠકોની ગણતરી બેઠકદીઠ અલાયદા રૂમમાં કરવામાં આવશે.

# પ્રાંતિજ નગરપાલિકા તંત્રે ખાણીપીણી લારીઓ પર તવાઈ બોલાવી : વેપારી દંડાયા

## સ્વચ્છતા ન રાખનાર વેપારીઓ સામે ફરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે

પ્રાંતિજ, તા. ૪

આગ ઓકતી ગરમી અને ઉકળાટ ભર્યા વાતાવરણમાં લોકાના આરોગ્ય સાથે ઉઘાડે છોગ ચેડા કરતા પ્રાંતિજના ખાણી-પીણીના વેપારીઓની સામે નગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમે લાલ આંખ કરી વિવિધ ખાણીપીણીની લારીઓ અને હોટલ-રેસ્ટોરન્ટ પર તપાસ હાથ ધરી વેપારીઓને દંડ ફટકાર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ શહેર સહિત આસપાસના વિસ્તારમાં ઉનાળાની શરૂઆત થતા જ બરફ ગોળાની લારીઓ, ફ્રૂટ જ્યુસના સેન્ટરો રસના કોલા અને પાણીપુરી તથા દાબેલી, વડાપાઉના વેપારીઓ તંબુ તાણી બેસી જાય છે. જ્યારે નાની-મોટી હોટલ અને રેસ્ટોરન્ટના પણ વેપારીઓ નતનવા ઠંડા પીણા વેચવાનું શરૂ કરે દે છે.

અને પૈસા કમાવવાની લાયમાં ગ્રાહકોને ગમે તેવું ભેળસેળ વાળું અને વાસી ખાવાનું આપી તેમના આરોગ્ય સાથે ચેડા કરે છે. ઉપરાંત લારીઓ અને હોટલ રેસ્ટોરન્ટની આસપાસ ગંદુ પાણી ઢોળી રોગચાળાને નોતરૂ આપી રહ્યા હોવાની અનેક ફરિયાદ ઉઠવા પામી હતી. આથી તાલુકા આરોગ્ય તંત્ર હરકતમાં આવતા આજે આરોગ્ય વિભાગની ટીમે શહેરના અનેક વિસ્તારોમાં ખાણી પીણીની લારીઓ અને હોટલો પર ઓચિંતી તપાસ હાથ ધરી હતી અને સ્વચ્છતા ન રાખતા અને ભેળસેળ વાળી ચીજવસ્તુઓ વેચતા વેપારીઓને ત્યાંથી તમામ ચીજવસ્તુઓનો નાશ કર્યો હતો.

અને તમામને દંડ ફટકાર્યો હતો. જ્યારે પાણી ભરીને રાખતા તેમજ કાદવ કિચડ કરતા વેપારીને ગંદકી ન ફેલાવવા અને દવાનો છંટકાવ કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. આરોગ્ય તંત્રની આ કાર્યવાહી છે અન્ય વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# પાલનપુરમાં બાળકો માટે ૭ દિવસીય સમર કેમ્પ

પાલનપુર, તા. ૪

વેદ એજ્યુકેશન દ્વારા ઉનાળાના વેકેશનમાં સમયનો સદ્ ઉપયોગ કરી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનાં ઉદ્દેશ થકી પાલનપુર ખાતે ઓમ શાંતિ નિકેતન હોસ્ટેલમાં ૭ દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

વેદ એજ્યુકેશન પાલનપુર દ્વારા નાના બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાના ઉદ્દેશ થકી ૭ દિવસીય સમર કેમ્પનું આયોજન ઓમ શાંતિ નિકેતન હોસ્ટેલમાં કરવામાં આવ્યું છે. જેમાં ૭ દિવસમાં જુદી જુદી કામગીરી દ્વારા બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જેમાં વેસ્ટ ટુ બેસ્ટ, હોર્સ રાઈડીંગ, મ્યુઝીક, એર રાઈફલ શુટીંગ, સ્વીમીંગ, માટીકામ તેમજ નેચર સ્ટડી કેમ જેવી જુદી જુદી પ્રવૃતિઓ દ્વારા બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આમ વેકેશન દરમ્યાનના સમયમાં સદ ઉપયોગ સાથે બાળકોને મનોરંજન મળી રહે તે માટેનો આ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

# ડીસાના માલગઢ ગામની પરણિતા પર બળાત્કાર ગુજારનાર નરાધમ જેલ હવાલે



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા.૪

ડીસા તાલુકાના માલગઢ ગામે રહેતી અને બે વર્ષની બાળકીની માતા એવી એક પરણીતા પર તેની સાસરીની બાજુમાં રહેતા એ યુવકે અપહરણ કરી ધમકીઓ આપી બળાત્કાર કરેલ હોવાની ઘટના પ્રકાશમાં આવેલ છે. આ મામલે યુવતીની ફરિયાદના આધારે ડીસા તાલુકા પોલીસે બળાત્કાર ગુજારનાર યુવકને ગણતરીના કલાકોમાં ઝડપી જેલ હવાલે કર્યો હતો. આ ઘટનાની પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો જોતા ડીસા તાલુકાના માલગઢ જોધપુરિયા ધાણી ખાતે રહેતા પ્રકાશકુમાર કિશનલાલ માળીને ડીસા ખાતે રહેતા શ્રમજીવીની દીકરીને સમાજના રીતી રિવાજો મુજબ થોડાક વર્ષો પહેલા પરણાવી હતી અને લગ્ન જીવન બાદ આ યુવતીને એક બાળકી અવતરી હતી પોતાના સ્વસુર ગૃહે રહેતી આ યુવતીને પડોશમાં રહેતો લક્ષ્મણ કાન્તિલાલ માળી નામનો ઈસમ ખરાબ ઈરાદાથી જોઈ અવાર નવાર બીભત્સ માંગણી કરતો હતો. જો કે આ ઈસમથી આ યુવતી બચીને રહેતી હતી. જેમાં ગત તારીખ ૨૫ મે ૨૦૧૩ના રોજ પોતાના સાસરામાં માલગઢથી ડીસા જવા રિક્ષામાં બેઠેલી આ યુવતીનો પોતાના હવસ સંતોષવાના ઈરાદો કારમાં યુવતીની પડોશમાં રહેતા લક્ષ્મણ કાન્તિલાલ માળીએ પીછો કર્યો હતો અને ડીસાના જલારામ મંદિર નજીકથી રીક્ષાને આંતરી આ યુવકે યુવતીને એમ કહેલ કે ચાલ હું તને કારમાં તારા પિતાને ઘેર મૂકી જાઉં. જેથી યુવતીએ વિશ્વાસ રાખી પોતાની પુત્રી સાથે કારમાં બેસતા આ યુવકે કાર ભગાડી મૂકી હતી અને કાર અલગ રસ્તે દોડાવતા યુવકે યુવતીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

અને ભાખર ગામે એક ઈસમના ખેતરમાં લઈ જઈ રાત્રે પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. આ યુવકે યુવતીને તેની પુત્રી સાથે અપહરણ કરી ધમકાવી, ગોંધી રાખી અનેકો વાર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. જે કે યુવતી ભાવિસના ખાતે મોકો મળતા તેના ચુંગલમાંથી છટકી તેના પિતા પાસે પહોંચી હતી અને તેની સાથે થયેલા કુકર્મની વાત કરી હતી. બાદમાં આ યુવતીએ ડીસા પોલીસ મથકે આરોપી લક્ષ્મણ કાન્તિલાલ માળી રહે. માલગઢ જોધપુરિયા ધાણીવાળાઓ વિરુધ્ધ ગુનો દાખલ કરી આરોપીને જેલ હવાલે કરેલ છે. આ યુવકે તેના કુકર્મ બદલ ૧૦ વર્ષથી વધુ સજા થઈ શકે તેવું કૃત્ય કરેલ છે.


ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :

● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮